# અગાઉ અપહરણ તથા ખુન જેવા ગંભીર ગુનામાં પકડાયેલ રીઢા ગુનેગારોને દેશી તમંચા સાથે ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

નવરાત્રીના તહેવાર અનુસંધાને સુરત શહેર વિસ્તારમાં તકેદારી અર્થે પો.સ.ઇ. તેમજ તેમની ટીમના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં નીકળેલા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે (૧) શીવપુજન સીયારામ વર્મા ઉ.વ. ૨૫ રહે. એસ.એમ.સી. વસાહત બિલ્ડીગ નં.બી/૧, રૂમ નં. ૮, પહેલા માળે, મધુવન સર્કલ પાસે, સૌરભ પોલીસ ચોકીની પાછળ, અડાજણ, સુરત. મુળ રહે. ગામ-બડેવડી પો.રહેરા તા.બલરામપુરા જી. ગૌદા (ઉત્તર પ્રદેશ) તથા (૨) પવન રામલાલ વર્મા ઉ.વ. ૨૧ રહે. ઘર નં.૮૩, પુષ્પકનગર સોસાયટી, શિવનગર, રાજદીપ સિનેમા પાસે, બરફ ફેકટરી પાસે, સચીન જી.આઇ.ડી.સી., સચીન, સુરત. મુળરહે. ગામ-રેવાસી, થાના-નેમકા તા.ધોધ, જી. સિકર (રાજસ્થાન) નાઓને સફેદ કલરની અપાચી મોટર સાયકલ નં. GJ-05-GK-2010 ઉપર દેશી હાથ બનાવટનો તમંચો લઇને ફરતા નાનપુરા સ્નેહ મીલન ગાર્ડન પાસેથી આજરોજ ઝડપી પાડી બન્ને ઇસમો વિરૂધ્ધ ડી.સી.બી.પો.સ્ટે. II ગુ.ર.નં.૧૦૨/૨૦૧૮ મુજબ ગુનો રજીસ્ટર કરેલ.

આરોપીઓનો પુર્વ ઇતિહાસઃ-આરોપી-(૧)શીવપુજન સીયારામ વર્મા અગાઉ અડાજણ પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૧૮/૨૦૧૬ ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬ મુજબના ગુનામાં પકડાયેલ છે. આરોપી-(૨) પવન રામલાલ વર્મા સચીન પો.સ્ટે. I ગુ.ર.નં.૮૫/૨૦૧૭ ઇ.પી.કો.કલમ-૩૦૨,૨૦૧,૧૨૦બી તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબના ગુનામાં પકડાયેલ છે.